**રે.દી.મુ.૫૪/૨૦૨૩**

**:: આંક– ૫ હેઠળ હુકમ ::**

**(૧)** વાદી અને પ્રતિવાદી નં.૧ સગા ભાઈઓ છે. મોજે લાડોલ તા.વિજાપુર, જિ.મહેસાણાની સીમના સર્વે નં. ૩૨૨૦ વાળી જમીન તેના મુળ માલીકે બીન ખેતી પરવાનગી મેળવી મંજૂર થયેલ પ્લાન મુજબ તે સર્વે નંબરમાં ૧ થી ૬ પ્લોટ પાડેલા જેમાં પ્લોટ નં. ૬ નુ કુલ ક્ષેત્રફળ ૫૭૬૦ ચો.ફૂટનુ હતુ. આ પ્લોટ નં. ૬ વાળી મિલકત વાદી તથા પ્રતિવાદી નંબર ૨ અને ૩ ના પિતા પટેલ ચંદુભાઈ સાંકળચંદ તથા પટેલ અંબાલાલ મોતીદાસનાએ સંયુકત રીતે વેચાણ દસ્તાવેજ થી તા. ૫/૧ ૨/૧૯૭૩ ના રોજ ખરીદેલ અને પ્લોટ નં. ૬ તથા પ્લોટની આગળ પાછળ અને બાજુમાં આવેલ માર્જિનની જગ્યાની માલીકી પણ ઉપર જણાવેલ માલીકોની રહેશે તેવો દસ્તાવેજ કરી આપેલો.

**(૨)** ઉપરોકત વિગતે મિલકત ખરીદ્યા બાદ વર્ષ ૧૯૭૫ માં પ્લોટ નં. ૬ ના પૂર્વ–પશ્ચિમ લંબાઈના ૬૦*૧૬ ફુટના ૬ ગાળા પાડવામાં આવેલા જે ગાળા લાડોલ ગ્રામ પંચાયતે અનુક્રમે આકારણી નંબર ૨૦૭૪ થી ૨૦૭૯ સુધીના આપવામાં આવેલા. જે પૈકી આકારણી નં. ૨૦૭૪ થી ૨૦૭૬ વાળા ગાળા વાદીના નામે આવેલા અને આકારણી નં. ૨૦૭૭ પ્રતિવાદી નં. ૨ અને ૩ ના પિતાના નામે આવેલા તથા આકારણી નં.૨૦૭૮ અને ૨૦૭૯ પટેલ અંબાલાલ મોતીદાસના નામે આવેલ.

**(૩)** વાદીના નામે આવેલ ગાળામાં ગ્રામપંચાયત માંથી પરવાનગી મેળવી ૩ રો–હાઉસ મકાનનુ બાંધકામ કરવામાં આવેલ અને આકારણી નંબર ૨૦૭૫ પર બનાવેલ મકાન વાદીએ તેમના ભાઈ પ્રતિવાદી નં.૧ ને તથા આકારણી નં. ૨૦૭૬ પર બનાવેલ મકાન વાદીએ તેમના ભાઈ રાજુભાઈ ચતુરભાઈને કોઈપણ જાતનુ ભાડુ લીધાં સિવાય બંને ભાઈઓને રહેવા આપેલા. અકારણી નં. ૨૦૭૪ ની દક્ષિણ

દિશાએ મકાનને અડીને આવેલ નવેડી તથા આગળની ખુલ્લી જમીનમાં વર્ષ ૧૯૯૬ માં સંડાસ–બાથરૂમ અને સીડીનુ બાંધકામ કરેલુ હતુ અને તેનો વાપર ઉપભોગ કરતા હતા અને આ કામના પ્રતિવાદીઓનો વાદીની કબજા ભોગવટાની જમીન ઉપર બનાવેલ આકારણી નંબર ૨૦૭૪ થી ૨૦૭૬ વાળી મિલકતો અને મકાનની દક્ષિણબાજુની નવેડી અને આગળની ખુલ્લી જગ્યામાં બનાવેલ સંડાસ–બાથરૂમ તથા સીડીમાં પ્રતિવાદીનો હકક, હિસ્સો ન હોવા છતા પ્રતિવાદીઓએ વાદીના મકાનની દિવાલ, વરંડો, સીડી તથા સંડાસ–બાથરૂમની દિવાલની તોડ–ફોડ કરી નાખેલ હોઈ વાદીએ હાલની દાવાઅરજી તથા મનાઈ અરજી કરેલ છે. વાદીએ રજુ કરેલ માર્ક ૩/૧ થી ૩/૭ સુધીના દસ્તાવેજ માર્ક ૮/૨ વાળુ પંચનામુ અને ૮/૩ વાળો નકશો વંચાણે લીધાં અને આ કામે પ્રતિવાદીએ આંક–૧૪ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે વાદીના મકાનમાં દિવાલ,વરંડો તથા સંડાસ–બાથરૂમ વાદીએ જાતે તોડેલ છે તેમજ આકારણી નં. ૨૦૭૪ થી ૨૦૭૬ વાળી મિલકતો સં યુકત હિંદુ અવિભકત કુટુંબની આવક માંથી ખરીદીને મકાન બનાવવામાં આવેલ છે અને તે મિલકતોમાં પ્રતિવાદી નં.૧ નો પણ વાદી જેટલો હિસ્સો થાય છે અને તા.૩૧/૧/૨૦૦૫ ના રોજ આકારણી નંબર ૨૦૭૪ વાળી મિલકત પ્ર તિવાદી નં.૧ તથા ચતુરભાઈના નામે, આકારણી નં.૨૦૭૫ ની મિલકત પ્રતિવાદી નં .૧ ના નામે તથા આકારણી નં. ૨૦૭૬ વાળી મિલકત પટેલ રાજુભાઈ ચતુરભાઈના નામે કરવા ગ્રામપંચાયત દફતરે ઠરાવ નં. ૩૬/૪ થી વાદીઓને પ્રતિવાદીઓની સં મતી કરારને આધારે કરવામાં આવેલ. તે હકીકતો વાદીએ છુપાવેલી હોય વાદીનો દાવો નામંજૂર કરવા તેમજ પ્રતિવાદીઓએ કાઉન્ટર કલેમ્પ કરી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અને પ્રતિવાદી નં.૧ ના કબજામાં આવેલ મિલકત નં. ૨૦૭૫ વાળી મિલકતના કબજામાં અવરોધ, અંતરાય કરે નહી તેવી દાદ માંગેલ છે. પ્રતિવાદીએ રજુ કરેલ માર્ક ૧૬/૧ થી ૧૬/૬ સુધીના દસ્તાવેજ વંચાણે લીધાં તથા આંક–૫ ની

અરજી અન્વયે પ્રતિવાદી તરફે આંક–૨૭ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી તથા વાદીએ કાઉન્ટર કલેમ્પનો આપેલ જવાબ આંક–૨૩ થી વંચાણે લીધો તેમજ વાદીના વકીલશ્રીને સાંભળ્યા.

**(૪)** વાદીએ હાલનો દાવો દાખલ કરી એવો કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે કે, " *મોજે વિજાપુર, જિ.મહેસાણાની સીમના સર્વે નં.૩૨૨૦ વાળી જમીન ઉપર મંજૂર થયેલ લે–આઉટ પ્લાન મુજબના પ્લોટો પૈકી પ્લોટ નં.૬ વાળી જમીનમાં પૂર્વ–પશ્ચિમ લંબાઈના ૬૦*૧૬ ચો.ફૂટના ૬ ગાળા પૈકી બનાવેલ આકારણી નં .૨૦૭૪ની દક્ષિણ દિશા તરફની જમીન ઉપર બનાવેલ દિવાલ, વરંડો, સીડી તથા સંડાસ–બાથરૂમને*' " (સદર મિલકતને આ હુકમમાં દાવાવાળી મિલકત તરીકે સંબોધવામાં આવશે.) પ્રતિવાદીઓએ કરેલ તોડ–ફોડનુ સમાર કામ કરતા પ્રતિવાદીઓએ તેમના માણસો અટકાવે નહી અને સમારકામ થયે ફરી તેને નુકસાન કરે નહી. તેવો દાવો ચાલતા સુધીનો કામચલાઉં મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ થતા સુધી ફરમાવવા મેહ. કરશોજી તેવી દાદ આ કામના પ્રતિવાદી સામે હાલની કામચલાઉ મનાઈહુકમની અરજીમાં માંગેલ છે.

**(૩)** ઉપરોકત સમગ્ર હકીકત ધ્યાને લેતા આ અરજીના નિર્ણય સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ**

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને નાણાથી બદલો ન વાળી શકાય તેવું નુકશાન થવાનો સંભવ છે ?

(૪) શું હુકમ ?

**(૪)** ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં
૨. હકારમાં
૩. હકારમાં

૪. આખરી હુકમ મુજબ.

(૫) ઉપરોક્ત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

મુદા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ સરળતા ખાતર ત્રણેયની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓએ આંક–૧૪ થી જે જવાબ આપેલ છે તે જવાબના પેજ નં. ૯ ઉપર સ્વિકારેલ છે કે, ''..... વાદીના મકાનની દક્ષીણ તરફ સીડી મુકવામાં આવેલી અને તેની બાજુમાં સંડાસ તથા દક્ષિણે ૧૦ ફૂટની ખુલ્લી જગ્યામાં પણ સંડાસ બાથરૂમ બનાવેલા અને તેનો ઉપયોગ અમો વાદી તથા અમારા બીજા ભાઈ રાજુભાઈઓના સ્વતંત્ર ઉપયોગ માટે અને તે નવેડી સર્વે નં.૩૨૨૧ તથા ૩૨૨૦ વાળાઓએ પણ રસ્તાનો હકક આવેલ હોય અને તે સીડીમાં થઈ જવા આવવાનો સંયુકત રસ્તો પ્રતિવાદી નં.૧ નો હોવાની હકીકત વાદી સારી રીતે જાણતા.....'' સદર હકીકત જોતા દાવાવાળી મિલકત સં યુકત વપરાશ વાળી મિલકત હતી તેવુ પ્રતિવાદી સ્વિકારે છે અને આંક–૧૪ ના પેજ નં. ૯ પર પ્રતિવાદીએ સ્વિકારેલ છે કે લાડોલ પોલીસમાં વાદીએ ફરિયાદ આપતા પ્ર તિવાદી નં.૧ નાએ જામીન આપેલા. આ તમામ સ્વિકૃત હકીકતો જોતા જણાઈ આવે છે કે પ્રતિવાદી નં. ૧ નાએ દાવાવાળી સંયુકત વપરાશ વાળી દાવાવાળી મિલકતની તોડ–ફોડ કરેલ છે તેથી વાદીનો પ્રથમદર્શનિય કેસ જણાઈ આવે છે. તેમજ આ કામે દાવાવાળી મિલકતનુ સમારકામ કરવામાં ન આવે તો વાદીને કુદરતી હાજતે જવામાં તેમજ તેમના મકાનના ધાબાપર જવામાં અને તેમના મકાનનો ઉપભોગ કરવામાં તકલીફ પડે તેમ છે તેથી લેણ દેણની તુલા વાદીના લાભમાં જણાઈ આવે છે અને જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાની સંભાવના રહેલી છે. આ કામે પ્રથમદર્શનિય રીતે દાવાવાળી મિલકતનો તોડ–ફોડ પ્રતિવાદી નં. ૧

નાએ કરેલાનુ જણાઈ આવે છે અને તેનુ સમારકામ કરવુ અત્યંત જરૂરી જણાય છે તેમજ સમારકામ થયા પછી આવી તોડ–ફોડ પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ ન કરે તે અંગે પણ હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. આ કામે વાદીએ નુકસાની વળતર રૂા.૩,૧૮,૦૦૦/– માટે પણદાવો કરેલ છે અને પ્રતિવાદી નં.૧ નાઓએ કરેલ તોડ–ફોડના કૃત્યથી થયેલ નુકસાનને સમારકામ કરાવવા અંગે સીપીસી કલમ ૧૫૧ અન્વયે હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. તેથી મુદા નં. ૧ થી ૩ નો જવાબ હકારમાં આપી મુદા નં.૪ પરત્વે ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>હુકમ</u>

– વાદીની **આંક–૫** ની અરજી **મંજુર** કરવામાં આવે છે.

– આ કામના પ્રતિવાદી નં.૧ નાએ " *મોજે વિજાપુર, જિ.મહેસાણાની સીમના સર્વે નં.૩૨૨૦ વાળી જમીન ઉપર મંજૂર થયેલ લે–આઉટ પ્લાન મુજબના પ્લોટો પૈકી પ્લોટ નં.૬ વાળી જમીનમાં પૂર્વ–પશ્ચિમ લંબાઈના ૬૦*૧૬ ચો.ફૂટના ૬ ગાળા પૈકી બનાવેલ આકારણી નં.૨૦૭૪ની દક્ષિણ દિશા તરફની જમીન ઉપર બનાવેલ દિવાલ, વરંડો, સીડી તથા સંડાસ–બાથરૂમને'* " કરેલ તોડ–ફોડનો સમારકામ કરાવવા માટે રૂા.૨,૦૦,૦૦૦/– આ કામના વાદીને આ હુકમની તારીખથી દિન–૧૦ માં ચુકવવા.

– આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓએ વાદીને દાવાવાળી મિલકતનુ સમારકામ કરતા અટકાવવા નહી કે અવરોધ અડચણ કરવી નહી. તેમજ દાવાવાળી મિલકતનો સમારકામ પૂર્ણ થયેથી તે મિલકતમાં કોઈપણ પ્રકારની તોડ–ફોડ પ્ર તિવાદીઓએ કરવી કરાવવી નહી. તેવો કામ ચલાઉ મનાઈ હુકમ આ દાવાના આખરી

નિકાલ સુધી વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરુધ્ધ ફરમાવવામાં આવે છે.

- અરજી ખર્ચ નાં રૂા.૧૫૦૦૦/- પ્રતિવાદી નં.૧ નાએ વાદીને દિન-૧૦ માં ચુકવી આપવા.

આ હુકમ આજ તારીખ ૧૧ માહે-માર્ચ,સને-૨૦૨ ૫ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
AJMERI SABBIRHUSEN SHOKATHUSEN
on 11/03/2025 16:41:54 IST.

વિજાપુર

તા.૧૧/૦૩/૨૦૨૫

**(એસ.એસ. અજમેરી)**

એડી.સિવિલ જજ અને જ્યું.મેજી.ફ.ક.

વિજાપુર

જિજે૦૧૫૨૫